# શહેરમાં સરકારી-બિન સરકારી કચેરીઓ પુનઃ ધમધમતી થઈ

**કચેરીઓ ૧૦૦ ટકા સ્ટાફ સાથે ચાલુ રાખવાની પરવાનગી અપાતા કચેરીઓ જીવંત બની : સરકારી કચેરીઓનું કામકાજ રાબેતા મુજબ થયુ**



ગાંધીનગર, તા. ૭

સરકારી કચેરીઓને સંપૂર્ણ કાર્યક્ષમતા સાથે ચાલુ રાખવાનો નિર્ણય લેવાતા કચેરીઓ રાબેતામુજબ શરૂ થઈ છે. સરકારી કચેરીઓમાં કામકાજ નિયમિત બનતા અવરજવર વધી છે.

કોરોનાના કેસો છેલ્લા કેટલાક દિવસોથી સાવ ઘટી ગયા છે. ગાંધીનગરમાં છુટાછવાયા કેસો જ નોંધાઈ રહ્યા છે. ગાંધીનગરના મોટાભાગના તાલુકાઓમાં સીંગલ ડીજીટમાં કેસો નોંધાઈ રહ્યા છે. કોરોનાના કેસો ઘટતા હવે રાજ્ય સરકારે ઘણી છૂટછાટ આપી છે. છેલ્લા કેટલાય દિવસોથી ૫૦ ટકા સ્ટાફ સાથે ચાલતી સરકારી અને ખાનગી કચેરીઓ ૧૦૦ ટકા સ્ટાફ સાથે ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી છે. ગયા શુક્રવારે જ આ બાબતના આદેશો સામાન્ય વહીવટ વિભાગે કરતા રાબેતા મુજબ સરકારી કચેરીઓ ધમધમતી થઈ છે.

સોમવારે સરકારી કચેરીઓમાં મોટાભાગનો સ્ટાફ હાજર થયેલો જોવા મળ્યો હતો. ઘણા દિવસો સુધી સ્ટાફ વિના સુની રહેલી સરકારી કચેરીઓ જીવંત બની હતી. સરકારી કચેરીઓ રાબેતા મુજબ શરૂ થતાં અરજદારોની અવરજવર પણ વધી હતી. જનસેવા કેન્દ્રો પુનઃ શરૂ થતાં અરજદારોને રાહત

● અનુસંધાન પાન-૭ પર

# સત્રના પ્રારંભે ઓનલાઈન શિક્ષણમાં ૬૦ ટકા હાજરી

**કોરોના કાળમાં ઓનલાઇન શિક્ષણથી વિદ્યાર્થીઓ હવે ટેવાઇ ગયા : જો કે પ્રથમ દિવસે પુરતી હાજરી ન થઇ હોવાનુ પણ ધ્યાને આવ્યુ**

ગાંધીનગર તા ૭

કોરોના કાળમાં શાળા કોલેજોમાં પ્રત્યક્ષ શિક્ષણ આપવાનુ જોખમી બન્યુ છે. ત્યારે આજથી નગરની શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રની શરૂઆત ઓનલાઈન શિક્ષણથી કરવામાં આવી હતી. આડા દિવસોમાં વિદ્યાર્થીઓની અવરજવર અને કોલાહલથી ગુંજતી શાળાઓમાં કોઈ ભીડ ભાડ જોવા મળી ન હતી. પરંતુ શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવાનુ શરૂ કરી દેવાયુ હતુ. વિદ્યાર્થીઓ પણ ઘરેબેઠા શિક્ષણ કાર્યમાં જોડાયા હતા. જો કે પ્રથમ દિવસે શહેરના ૬૦ ટકા વિદ્યાર્થીઓ ઓનલાઈન શિક્ષણ કાર્યમાં જોડાયા હોવાનો પણ અંદાજ છે.

નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે આજથી શાળાઓમાં ઓનલાઈન શિક્ષણનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કોરોના કાળમાં લાંબા સમયથી પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય બંધ છે. જયારે વિદ્યાર્થીઓને ઘરે બેઠા મોબાઈલ તેમજ કોમ્પ્યુટરની મદદથી ઓનલાઈન શિક્ષણ મળી રહે તે મુજબની શિક્ષણ પધ્ધતિ અપનાવામાં આવી છે. કોરોનાની બીજીલહેરના અંતે હવે કેસ ઘટતા ધીમે ધીમે જનજીવન પટરી પર આવી રહ્યુ છે. પરંતુ હજુ પણ શાળાઓમાં વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવાની પધ્ધતિ જ આગળ ધપાવાનો નિર્ણય લેવાયો છે. એકબાજુ બોર્ડની પરીક્ષાઓ પણ રદ કરી દેવામાં આવી છે. ત્યારે શાળાઓમાં આજથી નવુ શૈક્ષણિક સત્ર શરૂ થતા વિદ્યાર્થીઓ તેમના ઘરે જ મોબાઈલ ઓન કરીને ગોઠવાઈ ગયા હતા.

જો કે પ્રથમ દિવસે ઓનલાઈન શિક્ષણ મેળવવા માટે વિદ્યાર્થીઓની હાજરી નોંધપાત્ર રીતે ઓછી રહી હોવાનુ પણ સ્પષ્ટ થયુ



છે. શહેર તેમજ જિલ્લાની શાળાઓમાં ૩૦ થી ૬૦ ટકા વિદ્યાર્થીઓ ઉઘડતા શૈક્ષણિક સત્ર દરમિયાન ઓનલાઈન શિક્ષણ માટે જોડાયા હતા. દરેક શાળાઓને નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે ઓનલાઈન શિક્ષણના માધ્યમથી હાજરી આપતા વિદ્યાર્થીઓની ટકાવારીમાં પણ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો. જો કે નગરની કેટલીક શાળાઓમાં ૭૦ ટકા વિદ્યાર્થીઓએ નવા શૈક્ષણિક સત્રના પ્રાંભે હાજરી આપી હોવાનુ પણ જણાંવ્યુ છે. અલબત્ત પ્રથમ દિવસે શહેરની શાળાઓમાં ૬૦ ટકા વિદ્યાર્થીઓએ ઓનલાઈન શિક્ષણનો લાભ લીધો હતો.

# ૨૦૨૦-૨૧ના વર્ષમાં જન્મ નોંધણીમાં અસામાન્ય ઘટાડો

**આ અસામાન્ય ઘટાડાને લઈ તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. તંત્રએ આ ઘટાડા માટેના જવાબદાર પરિબળો અને તેના સચોટ કારણો સહિતનો વિગતવાર અહેવાલ માંગ્યા**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૦-૨૧ના વર્ષમાં જન્મ નોંધણીની કામગીરીમાં અસામાન્ય ઘટાડો નોંધાયાની ચોંકાવનારી હકીકતો બહાર આવી છે. આ હકીકતોને ધ્યાને લઈ તમામ સંબંધિત અધિકારીઓ પાસેથી આ બાબતે સ્પષ્ટતાઓ સાથે અહેવાલ માંગવામાં આવ્યો છે.

કોરોનાની મહામારીના કારણે જિલ્લામાં જન્મ નોંધણીમાં અસામાન્ય ઘટાડો નોંધાયો છે. આ અસામાન્ય ઘટાડાને લઈ તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. તંત્રએ આ ઘટાડા માટેના જવાબદાર પરિબળો અને તેના સચોટ કારણો સહિતનો વિગતવાર અહેવાલ માંગ્યો હોવાનું જાણવા મળેલ છે.

ભારત સરકારનો મોકલવાના થતા અહેવાલની કામગીરી પણ આનો લઈ વિલંબમાં પડી હોવાનું સૂત્રોમાંથી જાણવા મળેલ છે. તંત્રએ ૩ જ દિવસમાં લેખિત વિગતો સાથેનો અહેવાલ માંગતા સ્પષ્ટ જણાવ્યુ છે કે આ માટેની તમામ જવાબદારી પછી જે તે અધિકારીની રહેશે.

કોરોનાની મહામારીમાં અટવાયેલ તંત્રને હજુ માંડ કળ વળી છે ત્યાં આ ચોંકાવનારી હકીકત સામે આવતાં તંત્રના અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા છે.

જિલ્લામાં સામાન્યતઃ દર વર્ષે ૩૦ હજારથી વધુ પ્રસુતિઓ નોંધાતી હોય છે પણ ૨૦૨૦-૨૧માં અસામાન્ય ઘટાડો જન્મ નોંધણીમાં જોવા મળ્યો છે.

જિલ્લામાં જન્મ નોંધણીના વિલંબ અંગે રાજ્ય સરકારે છુટછાટો જાહેર કરી હતી આમ છતાં જિલ્લામાં જે અસામાન્ય ઘટાડો નોંધાયો છે તેને લઈ તંત્ર પણ હચમચી જવા પામ્યુ છે.

# મરામત કામ ચાલુ હોવાને કારણે અન્ડરપાસ પાસે વારંવાર ટ્રાફિક જામના દશ્યો સર્જાયા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાં ઘ રોડ પર બનાવવામાં આવેલ અન્ડરપાસમાં હાથ ધરાયેલ મરામતને કારણે આજે વારંવાર ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા.

રૂ. ૩૫ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ અન્ડરપાસમાં પાણીના નિકાલ માટે લગાવવામાં આવેલી જાળીઓના મરામતની કામગીરીને લઈ આજે એક તરફનો રસ્તો બંધ કરી અને ટ્રાફિક ચાલુ રાખવામાં આવ્યો હતો. એક જ વે હોવાને કારણે વારંવાર ઘ-રોડ પર ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા.

મળતી વિગતો પ્રમાણે આ અન્ડરપાસનું રિપેરીંગ કામ હજુ ૨ થી ૩ દિવસ સુધી ચાલશે. આ અન્ડરપાસની નબળી કામગીરી અંગે ઉઠેલી ફરિયાદો અને તેની કામગીરી પૂર્ણ થાય તે પૂર્વે યોજાયેલ લોકાર્પણને લઈ હવે લોકોમાં અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે.

શહેરમાં હજુ 'ગ' રોડ પર અન્ડરપાસનું કામ પ્રગતિ હેઠળ છે એટલે ત્યાં પણ આવી સ્થિતિનું તો નિર્માણ નહિ થાય તેવી ચર્ચા પણ લોકજીભે ઉઠવા પામી છે. બીજુ જો વરસાદી પાણીનો ઝડપથી યોગ્ય નિકાલ નહિ થાય તો શહેરમાં વાહકજન્ય રોગચાળો નહિ ફાટી નીકળે ને તેવો ભય પણ લોકચર્ચામાં સાંભળવા મળ્યો હતો.

આ અન્ડરપાસના સર્વિસ રોડના નિર્માણની કામગીરી પણ મનપા દ્વારા હાથ ધરવામાં આવી છે.




ખાણી-પીણી બજારમાં ભીડ - છેલ્લા બે દિવસથી વેપાર-ધંધાના સમયમાં અપાયેલી છૂટછાટને પગલે શહેરની મધ્યમાં આવેલ ખાણીપીણી બજાર સાંજે ભીડ ઉમટી હતી... જોકે આ ભીડ ટેક-અવેની ગાઈડલાઈન મુજબ જોવા મળી હતી....

# સે-૨૭ એકતા કોલોનીમાં માર્ગ સુધારણાના અંતે ગટરના ઢાંકણો નીચે દબાયા

**સેક્ટરમાં પાણી પણ પુરતા ફોર્સથી આવતુ નથી : આમ આદમી પાર્ટીની પણ રજુઆત**

ગાંધીનગર તા ૭

સે-૨૭ માં માર્ગ સુધારણાના અંતે નવી સમસ્યા ઉભી થઈ છે. સેકટરની એકતા કોલોનીમાં આંતરિક માર્ગો પર ગટરના ઢાંકણો નીચે દબાઈ જતા ખાડ ટેકરાની સ્થિતિ વચ્ચે વાહનચાલકોને પણ હાલાકી વેઠવી પડે છે. જેથી માર્ગ સલામતી પણ જોખમાઈ છે. બીજીતરફ સોસાયટીમાં ફોર્સથી પાણી પણ આવતુ ન હોવાનો રોષ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે. આ અંગે આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ મહાનગરપાલિક તેમજ પાટનગર યોજના વિભાગના તંત્ર સમક્ષ રજુઆત કરી છે.

ગાંધીનગરમાં ગટરોની સમસ્યા પેચીદી બની છે. સેકટરોમાં ગટરોનુ દુષિત પાણી ઉભરાતુ હોવાની ફરિયાદો વારંવાર ઉઠવા પામે છે. જયારે ગટરની સાથે આંતરિક વિસ્તારમાં ગટર લાઈનના ઢાંકણો પણ માર્ગને સમાંતર ન હોવાથી માર્ગ સલામતી માટે ખતરો ઉભો થયો છે. સે-૨૭ માં પણ આ જ સમસ્યા સ્થાનિકો માટે સમસ્યારૂપ બની છે. સે-૨૭ સ્થિત એકતા કોલોનીમાં પ્લોટ નં -૬૮૭ થી ૬૯૬ સુધી અને પ્લોટ નં ૫૬૫ થી ૫૮૦ સુધી ગટરના ઢાંકણો નીચે દબાઈ ગયા છે. જેના લીધે વાહનચાલકોને પણ હાલાકી વેઠવી પડે છે. બીજીતરફ સેકટરોમાં પાણી પુરતા ફોર્સથી આવતુ નથી જેના લીધે સેકટરવાસીઓ પરેશાન છે. સેકટરમાં આંતરિક માર્ગ વચાળે ગટરના ઢાંકણો યોગ્ય કરવા માટે અવારનવાર રજુઆત કરવામાં આવી રહી છે. પરંતુ કોઈ પગલા લેવાતા નથી. જયારે થોડા સમય અગાઉં માર્ગ સુધારણા દરમિયાન ઢાંકણો સાવ નીચે ગરકાવ થઈ ગયા છે. જેથી આ સમસ્યા વધુ પેચીદી બની છે.

# જિલ્લામાં નવા ૧૩ કેસ

**ગ્રામ્યમાં ૫, શહેરમાં ૮ કોરોનાના કેસ નોંધાયા : દહેગામ-કલોલમાં બે-બે કેસ : માણસામાં એક કેસ નોંધાયો : સે. ૫ અને કુડાસણમાં બે-બે કેસ સહિત કુલ ૮ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે વધુ ૧૩ કેસ નોંધાયા છે. છેલ્લા ૨-૩ દિવસથી નવા કેસોમાં થઈ રહેલી ચડ-ઉતરને કારણે તંત્ર પણ ચિંતાતુર બન્યુ છે.

જિલ્લામાં આજે નોંધાયેલા ૧૩ કેસમાં ૫ કેસ ગ્રામ્ય વિસ્તારમાં અને ૮ કેસ ગાંધીનગર શહેરમાં નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ પાંચ કેસમાં બે ખેડૂત અને એક કર્મયોગીનીનો સમાવેશ થાય છે. એક દર્દીને સઘન સારવારની જરૂર જણાતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આજે નોંધાયેલ કેસમાં ૪ મહિલા દર્દીઓ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે બે કેસ દહેગામ, બે કેસ કલોલમાં અને એક કેસ માણસા તાલુકામાં નોંધાયો છે.

દહેગામ તાલુકાના જીવરાજના મુવાડા અને હરખજીના મુવાડા ગામેથી કેસો મળેલ છે. કલોલમાં કરોલી અને નારદીપુર ગામેથી કેસો મળી આવેલ છે. માણસા તાલુકામાં બોરૂ ગામેથી એક ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ ખેડૂતને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૯૪૩૮ લોકો કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૮૮ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૧૧૨૬ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૮ કેસ મળી આવેલ છે. આજે નોંધાયેલ કેસમાં ૫ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૬૦ વર્ષથી વધુ વયના એક દર્દીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૫ માં અને કુડાસણમાં બે-બે કેસ તેમજ સે. ૨, ૪, ૨૭ તેમજ કોલવડા ગામેથી કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે વધુ ૨૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૨૫૦૦ થી વધુ લોકો આજે હોમ ક્વોરોન્ટાઈન હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

# ગાંધીનગર ડેપોએ સો ટકા બસોનુ સંચાલન શરૂ કરી દીધુ

ગાંધીનગર તા ૭

એસ ટી ની બસના પૈડા પાટે ચઢતા હવે એસ ટી બસમાં પુરતો ટ્રાફિક પણ જોવા મળી રહ્યો છે. ગાંધીનગર ડેપોએ પણ શહેરી બસ સેવાનુ સો ટકા સંચાલન શરૂ કરી દીધુ છે. જેના લીધે એસ ટી ડેપોની આવકમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. હાલ પ્રતિદિન અંદાજિત રૂ ૪.૫૦ લાખની આવક ડેપોને થાય છે. કોરોનાની બીજી લહેરના લીધે છેલ્લા બે મહીનાથી એસ ટી બસ સેવા ઠપ્પ થઈ ગઈ હતી. જયારે ડેપો કક્ષાએથી હવે તમામ રૂટોની બસ શરૂ કરી દેવામાં આવી છે. જો કે કરફયુના લીધે રાત્રિના સમયે બહારગામના રૂટોમાં દોડતી બસો હજુ પણ બંધ છે.

મહામારીના સમયમાં વેપાર ધંધાને માંઠી અસર થઈ છે. જયારે કરફયુના લીધે વિવિધ સેવાઓ પણ ઠપ્પ થઈ જતા એસ ટી નિગમ સહીત ટ્રાન્સપોર્ટ સેવાને પણ તોતિંગ આર્થિક નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. છેલ્લા દોઢ વર્ષથી એસ ટી બસના પૈડા વારંવાર થંભી જતા એસ ટી નિગમને પણ આર્થિક ખોટ સહન કરવાનો વારો આવ્યો છે. ગાંધીનગરમાં પણ ડેપોએથી સંચાલન થતી બસોનો વ્યવહાર કોરોનાથી બચવા માટે બંધ કરી દેવાયો હતો. ગત વર્ષે કોરોનાના પ્રારંભિક તબક્કામાં લાંબા લોકડાઉન દરમિયાન પણ એસ ટી સેવા બંધ રહી હતી જયારે કોરોનાની બીજી લહેર દરમિયાન પણ છેલ્લા બે મહીનાથી એસ ટી બસના પૈડા થંભી ગયા હતા. પરંતુ કોરોનાના કેસ ઘટતા તબક્કાવાર બસ સેવાનો વ્યાપ વધારવામાં આવ્યો છે. કોરોનાની બીજીલહેરમાં છેલ્લા બે મહીનાથી એસ ટી બસ સેવા ઠપ્પ થઈ ગઈ હતી. એસ ટી બસોનુ સંચાલન પણ તદન ઘટાડી દેવાયુ હતુ.જયારે ગાંધીનગર અમદાવાદ વચ્ચેની ટ્રીપો પણ બંધ કરી દેવામાં આવી હતી. આ ઉપરાંત છેલ્લા ઘણાં સમયથી રાત્રિ કરફયુ યથાવત હોવાથી મોડી રાત્રે દોડતી બસો પણ બંધ છે. જો કે હવે એસ ટી બસના રૂટોનુ સંપુર્ણ સંચાલન શરૂ કરી દેવાયુ છે.

હાલ ગાંધીનગર અમદાવાદ વચ્ચેની બસ સેવા તમામ રૂટોમાં શરૂ કરી દેવામાં આવી છે. પ્રતિદિન ૭૦૦ જેટલી શહેરી રૂટોમાં ટ્રીપો દાડી રહી છે. સરકારની ગાઈડલાઈન મુજબ ૫૦ ટકા મુસાફરો સાથે એસ ટી બસો દોડી રહી છે. જયારે અત્યાર સુધી કોરોનાની અસર વચ્ચે એસ ટી બસમાં નાગરિકો મુસાફરી કરવાનુ ટાળતા હતા જેના લીધે એસ ટી ને પણ આવક થતી ન હતી. ગાંધીનગર ડેપોની આવકમાં અંદાજિત ૮૦ ટકાનો ઘટાડો થયો હતો. પ્રતિદિન રૂ ૧થી ૧.૨૫ લાખની આવક માંડ થતી હતી. જયારે હવે આ આવક વધીને ૪.૫૦ લાખ જેટલી થઈ છે.

# સ્ટેચ્યૂ ઓફ યુનિટી આજથી શરૂ કરવામાં આવશે

**લાંબા સમયથી બંધ ટેન્ટ સીટી અને હોટલોના માલિકોને પણ હવે મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે એવી આશા**

કેવડિયા,તા.૭

કોરોનાની બીજી લહેરને કારણે સ્ટેચ્યૂ ઓફ યુનિટી છેલ્લા ૨૦ દિવસથી પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવ્યું હતું. જોકે, હવે પ્રવાસીઓ માટે એક સારા સમાચાર છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી આવતી કાલથી એટલે તારીખ ૮મી જૂનથી પ્રવાસીઓ માટે ખુલ્લું મૂકવામાં આવશે.જે માટે તંત્રએ તમામ તૈયારીઓ પણ પૂર્ણ કરી દીધી છે. આ માટેની ઓનલાઈન બુકિંગ પણ શરૂ થઈ જશે. આ ઉપરાંત સ્ટેચ્યૂ ઓફ યુનિટી સાથે જે જંગલ સફારી પાર્ક, ચિલ્ડ્રન પાર્ક અને રમાડા હોટલ ટેન્ટ સિટી સહીત અનેક પ્રોજેક્ટો ખુલ્લા થશે. ટેન્ટ સિટી અને હોટલોના માલિકો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ગત વર્ષે પણ કોરોનાને કારણે લાખો રૂપિયાનું નુકશાન થયું હતું અને હાલ ચાલુ વર્ષે પણ નુકશાન થયું છે. ત્યારે હવે ટેન્ટ સીટી અને હોટલોના માલિકો પણ હવે મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે એવી આશા રાખીને બેઠા છે. ત્યારે આવતી કાલથી શરૂ થતા સ્ટેચ્યૂ ઓફ યુનિટી પર હવે પ્રવાસીઓને પણ ઓનલાઈન સાથે હવે ઓફલાઈન ટિકિટ પણ મળશે એવી વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવી છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com